પેસેન્જરોના લિસ્ટમાં કોઇ મિસ્ટર બેન્દ્રે છે જ નહીં!

રાઘવે તો પર્સર પાસે જતાં જતાં અનુપમાને કહ્યું હતું કે જોક્સનું એકાદ પુસ્તક વાંચજે, પરંતુ જેના હજુ થોડાક કલાક પહેલાં લગ્ન થયાં હોય, પછી તરત જ જે હનીમૂન-પ્રવાસે નીકળી હોય અને જે પહેલી જ વાર સ્ટીમરના લાંબા પ્રવાસે જઇ રહી હોય એવી યુવતી કેબિનની ચાર દીવાલો વચ્ચે લાંબી વાર બેસી રહી શકે ખરી?

પંદરેક મિનિટમાં તો એ અકળાઇ ગઇ અને પુસ્તકને પથારી પર ફગાવતી બહાર દોડી. તૂતક પર આવી. અહીં જોયું કે લગભગ સૌ પ્રવાસીઓ તૂતક પર નીકળી આવ્યા છે. ઘણાં તૂતકની રેલિંગ પકડીને દરિયો, મોજાં, ફીણ જુએ છે. અને ઊછળતી પછડાતી-ડોલતી સ્ટીમરની ગતિ સાથે પોતાનાં શરીરોનું સમતોલન જાળવવા મથતાં પરસ્પર મઝેથી હસે છે. અનુપમાને પણ હડસવાનું મન થયું. સ્ટીમર પ્રવાસનો આ પ્રારંભિક રોમાંચ 'શેઅર' કરવાનું મન થયું. પણ અફસોસ! નવપ્રાપ્ત પતિ નાણાં જમા કરાવવા ગયો હતો. એણે દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો.

જો કે દરિયાઇ સહેલગાહને પ્રારંભે એકલતા અનુભવનાર એ એકલી નહોતી. એનાથી બે જ કદમ દૂર ઊભેલો યુવક પણ એકલિયો જણાતો હતો. અનુપમાની ગંભીર મુખમુદ્રા જોઇને હોય કે એકલી તાળીને હોય, એ યુવકે વાત શરૂ કરી, 'આપને દરિયાની બીક લાગે છે કે શું, મેમ?'

'હં...? હેં...? હા... ના, ના... ના,' અનુપમા મુંઝાઇ ગઇ. દરિયાની બીક તો હતી જ, પણ અજાણ્યા યુવક આગળ એનો એકરાર કરતાં જીવ ન ચાલ્યો.

'આપ જરાય અકળાશો નહિ, બહેન', યુવકે કહ્યું. 'આ મારો ઓળખપત્ર. હું એક ગુનાશોધક છું. ડિટેક્ટીવ. મારું નામ અજય વર્મા.'

'ઓ...હ...! ડિટેક્ટીવ!' અનુપમા ડોળા ફાડીને અજયને તાકી રહી. જો સ્ટીમર ડોલતી ન હોત અને સમતુલા માટે રેલિંગ પકડી રાખવી અનિવાર્ય ન હોત તો એ જરૂર નાની બાળકીની જેમ તાળીઓ પાડી ઊઠી હોત. 'મને ડિટેક્ટીવ વાર્તાઓ વાંચવી ખૂબ ગમે છે.'

'તો સ્ટીમરની લાઇબ્રેરીમાંથી એવી વાર્તાઓ લઇ લેજો.'

'ના, ના! મારા હસબંડે એવી ડિટેક્ટીવ વાર્તાઓ વાંચવાની ના પાડી છે.' અનુપમાએ કહ્યું.

'કેમ, તમારા હસબંડ ગુજરાત યુનિવર્સિટીના ભાષાના પ્રોફેસર છે?'

'ના, એવું નથી. મારી તબિયત બહુ સારી નથી મને હમણાં જ મેનેન્જાઇટિસ થયો હતો. બ્રેઇન ફીવર, સમજ્યા? એટલે મારું મન નબળું પડી ગયું છે. એ... રાઘવ બેન્દરે... મારા હસબન્ડ કહે છે કે ડિટેક્ટીવ વાર્તાઓ વાંચવાથી મારા નબળા મગજને નુકસાન થઇ જશે, સમજ્યા?'

'ઓહં... એમ... તો તો તમે ડિટેક્ટીવ વાર્તાઓ ન વાંચતાં. અને જુઓ, તૂતક પર બહુ દોડાદોડી ન કરતાં અત્યારે આ બાજુનો દરિયો ખૂબ તોફાની રહે છે, એવું કહેવામાં આવ્યું છે. આથી ઘણા પ્રવાસીઓને સીનસિકનેસ થઇ જાય છે. ઉલટી થાય. પેટ અપસેટ થાય. જો કે મિત્રોએ મને એવી તમામ તકલીફો માટે ઢગલાબંધ દવાઓ બંધાવી છે. તમને કશી તકલીફ થાય તો મને યાદ કરજો. નામ છે અજય વર્મા.

'થેન્ક યૂ વેરી મચ, અજયબાબુ', અનુપમાએ મધુર સ્મિત કર્યું. 'તમને અમારે નામે કશો સંદેશો મળે તો અમારી કેબિન પર આવી જજો. અમે 'બી' ડેક પર છીએ. કેબિન નંબર તેર... બી-થર્ટીન! ખૂબ આરામદાયક કેબિન છે... અરે, તમે મારી સામે આમ ડોળા કાં ફાડો? ખુદ તમને કશી બીમારી થઇ છે કે શું?'

'મને માત્ર થોડું આશ્ચર્ય થયું છે, અનુપમાબેન,' અજયે બને તેટલા સામાન્ય સ્વરે બોલવા કોશિશ કરી. 'પણ જરાં ફરી વાર કહો તો... તમારો કેબિન નંબર કયો?'

'બી-થર્ટીન! કેમ?'

'તમને ખાતરી છે, બહેન?'

'હાસ્તો વળી! મેં મારી સગી આંખે એ નંબર બારણા પાસેની તકતી પર વાંચ્યો છે.'

'અને એ નંબર તેર જ હતો?'

'જરૂર? કેમ આટલી બધી ચીકાશ કરો છો?'

'કારણ કે... અનુપમાબેન! કારણ કે હું જાણું છું ત્યાં સુધી કોઇ પણ જહાજમાં કેબિનનો કે બર્થનો કે કશાયનો નંબર તેર હોતો જ નથી. દરિયો ખેડનાર પોતે અને દરિયે પ્રવાસ કરનાર સૌ એટલા બધા વહેમી હોય છે કે એ લોકો તેરનો આંકડો ક્યાંય રાખતા જ નથી.'

'તમે ડિટેક્ટીવ અને સાથે જોકર પણ છો કે શું અજયબાબુ?' અનુપમા પગ પછાડતી બોલી.

'હું મશ્કરી નથી કરતો, બેન. મને બરાબર ખબર છે. તમે જહાજના કોઇ પણ અફસરને પૂછી જોજો. કદાચ કેબિનનો નંબર વાંચવામાં તમારી ભૂલ થઇ હશે.'

હવે અનુપમા ગુસ્સે થઇ ગઇ. ત્રાડ પાડીને બોલી, 'તમે કહેવા શું માગો છો, મિસ્ટર ડિટેક્ટીવ.' હું શું ખોટું બોલું છું? કશી બનાવટ કરું છું? મેં મારી સગી આંખે જ આંકડો વાંચ્યો. એ ખોટો અને તમે સાચા? ચાલો મારી સાથે?'

અને એ ધમધમ કરતી ચાલી. અજય ન છૂટકે એને અનુસર્યો. જો કે એને મનને ખૂણે એક વિચિત્ર ખ્યાલ આકાર ધરી રહ્યો હતો. મેનીનજાઇટિસ ભોગવીને ઊઠેલી છોકરી છે... વળી ઘડિયાં લગ્ન કરીને નીકળી પડેલી. એ લોકો આખો ડેક ઘૂમી વળ્યાં. કેબિન એક હતી, બે હતી, અગિયાર હતી. બાર હતી, ચૌદ અને પંદર હતી, ક્યાંય તેર નંબરની કેબિન હતી જ નહિ! અનુપમા સાથે એ ઉતાવળે બીજો આંટો ફરી વળ્યો, કેબિન તેર ક્યાંય જણાઇ નહિ.

એટલામાં અનુપમાએ કોરીડોરને છેડે ઊભેલી સ્ટુઅર્ડેસને જોઇ. રાડ પાડીને એને બોલાવી. નમ્ર સ્ટુઅર્ડેસ દોડતી આવી. અનુપમાએ પ્રશ્ન કર્યો, 'અજયબાબુ અને હું ક્યારનાંય અહીં ઘૂમીએ છીએ. કેબિન થર્ટીન-બી અમને કેમ મળતી નથી?'

'કેબિન થર્ટીન, મેડમ? તેર નંબર? એ ક્યાંથી મળે? એવા નંબરની કોઇ કેબિન અહીં છે જ નહિ.'

'પણ મેં તેર નંબરની કેબિન જોઇ છે. હું અંદર ગઇ છું. પંદર મિનિટ રહી છું. અંદર પોચી પથારીઓ છે. ટેબલ પર ફૂલ છે. પુસ્તકોનો નાનો કબાટ છે. ટેલિફોન છે...'

'એવું તો દરેક કેબિનમાં છે, મેડમ.'

'પણ આ કેબિન તો અમારે નામે બૂક થયેલી હશે- મિસ્ટર એન્ડ મિસિસ રાઘવ બેન્દરે.'

'મારી પાસે બધા પેસેન્જરોનું લિસ્ટ છે, મેડમ. એમાં કોઇ મિસ્ટર બેન્દરે છે જ નહિ.' 'અરે, એ કેબિનમાં મેં અમારો સામાન મુકાયેલો જોયો છે ને!' 'માફ કરજો; મેં આ ડેક પરની તમામ કેબિનો જોઇ લીધી છે. બધા પેસેન્જરોના સામાન એમની કેબિનોમાં પહોંચ્યા છે, અને મને ખાતરી છે કે બેન્દરે જેવા નામવાળો એકેય દાગીનો મારી નજરે ચડ્યો નથી.'

'અરે હાં... મને યાદ આવ્યું...' અનુપમા ઊભી રહી જતાં અને જુસ્સો જરા શિથિલ કરતાં બોલી, 'મારા હસબંડકહેતા હતા કે મેનેજર સર્ટિફિકેટ હજુ આપણા હાથમાં આવ્યો નથી. એ દરમિયાન આપણો ઘણોખરો વ્યવહાર જૂને નામે જ કરવો પડશે. એટલે મારા સરસામાન પર અનુપમા ઠકરે નામ હોય એમ બની શકે.' 'વિઠ્ઠલા! વિઠ્ઠલા! જય પાંડુરંગા!' દક્ષિણની વતની અને શ્રદ્ધાળુ સ્ટુઅર્ડેસ પોકારી ઊઠી. 'આટલું તમે પહેલેથી જ કહી દીધું હોત તો આ આખી ઝંઝટ જ ટળી જાય ને મેડમ! એ નામનાં લેબલ વાળા તો ત્રણ દાગીના મેં જોયા છે. એક સૂટકેસ અને બે થેલા છે. એ સામાન તો એ પડ્યો સોળ નંબરની કેબિનમાં! અને... અં... હા, આ રહ્યું પેસેન્જર લિસ્ટમાં તમારું નામ- મિસ અનુપમા ઠાકરે.'

'અને... મારા હસબંડનો સામાન?'

'શું નામ?'

'રાઘવ બેન્દરે.'

'એવા નામનો કોઇ પેસેન્જર નથી! અને એવા નામનો કોઇ સામાન પણ નથી, 'સ્ટુઅર્ડેસે જણાવ્યું.

'શું... ઉં...ઉં...?' અનુપમા રડી ઊઠી. 'હાય, હાય, રાઘવ ક્યાં? મારો હસબંડ ક્યાં? તમે લોકોએ એને શું કરી નાખ્યું છે? ઓ મારા રાઘવ...!'

અજય એકદમ વિચલિત અને વિક્ષિપ્ત થઇ ગયો. પેલી સ્ટુઅર્ડેસ પણ સ્તબ્ધ બની ગઇ. અજયે કહેવા માંડ્યું. 'બહેન! અનુપમાબેન! જરા શાંતિ રાખો. ધીરજ-'

'શાંતિ કેમ કરીને રાખું?' અનુપમા આક્રંદ કરી ઊઠી. 'પહેલાં તો અમારી કેબિન ગુમ થઇ. પછી મારા હસબંડનો સામાન ગુમ થયો. અને હવે એ પેસેન્જર લિસ્ટમાંથી ગુમ થયો! આપણી સ્ટીમરને ઉપડ્યાને કેટલો વખત થયો?'

'આશરે કલાક' 'અને સ્ટીમરના પર્સરને નાણાં સોંપતા કેટલી વાર થાય?'

'બહુ બહુતો અર્ધો કલાક.'

'ત્યારે મારા હસબંડ એક કલાકથી દેખાયા નથી!'

અનુપમાએ ડુસકું ખાતાં કહ્યું. 'ઓ ભગવાન! મારા રાઘવને શું થઇ ગયું? કોણે એને ગુમ કર્યો?'

'મને લાગે છે કે તમારો આ કેસ સ્ટીમરના ઓફિસરો આગળ રજૂ કરવો જોઇએ.' અજયે સૂચવ્યું. 'અને જુઓ', એને જહાજી અફસરનો ગણવેશ પહેરીને એમની તરફ આવી રહેલા એક યુવક તરફ આંગળી ચીંધતાં કહ્યું. 'આ સાહેબ જે આવી રહ્યા છે તે આ સ્ટીમરના સેકન્ડ ઓફિસર છે. તમે અગાઉ કદાચ એમને જોયા હશે.'

'હા, હા, જોયા છે ને! અમે... રાઘવ અને હું... જ્યારે ગુના પ્લેન્ક પર ચડ્યાં ત્યારે એ બરાબર મથાળે જ ઊભા હતા. મને બરાબર યાદ છે કે મેં રાઘવને પૂછ્યું પણ હતું કે આપણે આપણી ટિકિટો શું આ ઓફિસરને બતાવવી પડશે?' 'તો આવો, તમારો પ્રશ્ન એમની આગળ જ રજૂ કરીએ,' કહીને અજયે જરાક મોટે અવાજે સાદ કર્યો. 'મિસ્ટર મહાજન! મહેશ, મહાજન! જરાક આ બાજુ આવશો? પ્લીઝ!'

(વાચક મિત્રો! હવે ખ્યાલ આવે છે ને કે મામલો શો છે! જહાજ પર ચડતાં જ એક માનવી ગુમ થઇ જવાનો કિસ્સો છે. એ આવતે અઠવાડિયે આગળ.)



'કેબિન થર્ટીન, મેડમ? તેર નંબર? એ ક્યાંથી મળે? એવા નંબરની કોઇ કેબિન અહીં છે જ નહિ.' 'પણ મેં તેર નંબરની કેબિન જોઇ છે. હું અંદર ગઇ છું. પંદર મિનિટ રહી છું. અંદર પોચી પથારીઓ છે. ટેબલ પર ફૂલ છે. પુસ્તકોનો નાનો કબાટ છે. ટેલિફોન છે'

રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

હસબંડ ખોવાયો!-2